# Day to Day Current Affairs
## July – 2015

❖ ૩૦ જુલાઈ, ૨૦૧૫ (ગુરૂવાર)

### 1) બે ભારતીયોને પ્રતિષ્ઠિત રેમન મેગ્સેસ એવોર્ડ :–

- રેમન મેગ્સેસ એવોર્ડ ફાઉન્ડેશન વર્ષ – ૨૦૧૫ માટે પાંચ મહાનુભાવોને એવોર્ડથી સન્માનિત કરશે.
- આ પાંચ વિજેતાઓમાં ભારતના સંજીવ ચતુર્વેદી અને અંશુ ગુપ્તાનો સમાવેશ કરાયો છે.
- સંજીવ ચતુર્વેદી ૨૦૦૨ ના હરિયાણા બેચના આઈ. એફ. એસ. અધિકારી છે. તેમને આ સન્માન ભ્રષ્ટાચાર વિરૂધ્ધની લડાઈ માટે મળ્યું છે.
- જયારે અંશુ ગુપ્તા ગુંજ નામની એન.જી.ઓ. ના વડા છે. તેમની સંસ્થા ગરીબોના તન ઢાંકવા માટે કપડાં પૂરા પાડે છે.
- અન્ય ત્રણ વિજેતાઓ :–
  ૧) કોમાલી ચાન્તાવોંગ – લાઓસ
  ૨) કયાવ થુ – મ્યાનમાર
  ૩) લિગાયા ફુર્નાન્ડો એમિલબાંગ્સા – ફિલિપીન્સ

### 2) બુકર પુરસ્કાર માટે બે ભારતીયો નોમીનેટ થયા :–

- સાહિત્યના પ્રતિષ્ઠિત બુકર પુરસ્કાર – ૨૦૧૫ની સ્પર્ધામાં બે ભારતીય સહિત ૧૩ લોકો નોમીનેટ થયા.
- બે ભારતીયઓમા અનુરાધા રાવ અને સંજીવ સહોતાનો સમાવેશ થાય છે.
- અનુરાધાની નોવેલ 'સ્લીપીંગ ઓન જયુપિટ' અને સંજીવની નોવેલ 'ધ યર ઓફ ધ રન વે' પસંદ થઈ છે.

### 3) વસુંધરા કોમકલી :–

- પ્રસિધ્ધ શાસ્ત્રીય ગાયિકા અને પં.કુમાર ગંધર્વના પત્નિ વસુંધરા કોમકલીનું અવસાન.

### 4) મહારાષ્ટ્રમાં મરાઠી રાજભાષા બની :–

- સંયુકત મહારાષ્ટ્રના નિર્માણના આશરે ૫૫ વર્ષ બાદ મરાઠીને રાજયમાં રાજભાષા તરીકે મંજૂરી મળી છે.

### 5) એરફોર્સ દ્વારા ભરતી પ્રક્રિયા ઓનલાઈન કરાઈ :–

- એરફોર્સ દ્વારા ડિજીટલ ઈન્ડિયાની નીતિને અનુસરીને એરમેન કેડરમાં સિલેકશન માટે વેબસાઈટ શરૂ કરાઈ છે.
- વેબ સાઈટ:– airmenselection.gov.in

### 6) જનરલ મોટર્સ ભારતમાં રોકાણ કરશે :–

- તાજેતરમાં જનરલ મોટર્સના સીઈઓ મેરી બારાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત યોજી હતી.
- આ મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું હતુ કે જનરલ મોટર્સ ભારતમાં ૬૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.
- કંપની ભવિષ્યમાં ટાલેગાંવ, મહારાષ્ટ્ર સ્થિત પ્લાન્ટમાં વાહનો બનાવશે.

### 7) દુતીચંદ– મહિલા દોડવીર :–

- તાજેતરમાં ભારતીય મહિલા દોડવીર દુતીચંદ પર પુરૂષ હોવાના આરોપસર લગાવાયેલો પ્રતિબંધ હટાવી લેવાયો છે.
- દુતીચંદ પર ઈન્ટરનેશનલ એથ્લેટિક ફેડરેશન (આઈએએફ) દ્વારા પ્રતિબંધ લગાવાયો હતો.
- ત્યારબાદ દુતીચંદે આ પ્રતિબંધ કોર્ટ ઓફ આર્બિટ્રેશન ઓફ સ્પોટર્સ (સીએએસ) ને પડકાર્યો હતો અને સીએએસ દ્વારા બે વર્ષ માટે આ પ્રતિબંધ ટાળી દેવાયો છે.
- જો આઈએએફ ભવિષ્યમાં દુતીચંદ વિરૂધ્ધ નવા પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહેશે તો પોતાનો ફેંસલો પરત લેવો પડશે.

### 8) યાકુબ મેમણ :–

- ઈ.સ. ૧૯૯૩ ના મુંબઈ બોંબ વિસ્ફોટના આરોપી યાકુબ મેમણને આજે તા. ૩૦ જુલાઈના રોજ નાગપુર સેંટ્રલ જેલમાં ફાંસી અપાઈ.
- યાકુબને ફાંસી આપી આજ દિવસે તેનો ૫૩ મો જન્મ દિવસ હતો.
- જન્મ દિવસે જ ફાંસી અપાઈ હોય એવો આ બિજો બનાવ છે. કોલકાતાના ધનંજય ચેટરજીને પણ તેના જન્મ દિવસે જ ફાંસી અપાઈ હતી
- આઝાદ ભારતમાં પ્રથમ ફાંસી ગાંધીજીના હત્યારા ગોડસેને અંબાલા જેલમાં અપાઈ હતી.

Vivekanand Academy, Gandhinagar